# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1) **કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાએ ભારતની આરોગ્ય સંભાળ પ્રણાલીમાં પરિવર્તન પર ભાર મૂક્યો.**
2) **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ધોરાજી-ઉપલેટા વિસ્તારના 67.5 કરોડ રૂપિયાના 71 વિકાસકામોનું ઈ-લોકાર્પણ કર્યું.**
3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.**
4) **ખેડૂત નોંધણી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ.**
5) **મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ.**
6) **સુરતમાં આજથી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનો પ્રારંભ થશે.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# IIM AHMEDABAD JP NADDA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ અમદાવાદ ખાતે આયોજિત IIM અમદાવાદ હેલ્થકેર સમિટમાં ભારતની આરોગ્ય સંભાળ પ્રણાલીમાં પરિવર્તન પર ભાર મૂક્યો હતો. તેમણે આરોગ્યસંભાળમાં સંશોધનની ઉભરતી ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો, અને કહ્યું કે જ્યારે શૈક્ષણિક સંશોધન એક સમયે આર્કાઇવ્સ સુધી મર્યાદિત હતું, ત્યારે હવે વાસ્તવિક દુનિયાના પડકારોને ઉકેલવા માટે તેનો અસરકારક રીતે ઉપયોગ થઈ રહ્યો છે

## બાઈટ : જે. પી. નડ્ડા,

## કેન્દ્રીય આરોગ્ય મંત્રી - પોલિસી મેકર બાઈટ

ઉલ્લેખનીય છે કે IIMA હેલ્થકેર સમિટ ભારતના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે ઉભરી આવ્યું છે, જે એક મજબૂત આરોગ્યસંભાળ ઇકોસિસ્ટમ બનાવવા માટે રાષ્ટ્રની પ્રતિબદ્ધતાને બળ આપે છે.

# Mansukh mandaviya

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ગઇકાલે ધોરાજી-ઉપલેટા વિસ્તારના જે રૂ.67.5 કરોડના 71 વિકાસકામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયાની ઉપસ્થિતિમાં લોકાર્પણ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં કેન્દ્ર સરકારની અમૃત 2.0 યોજના અંતર્ગત રૂ. 29.91 કરોડના ખર્ચે પાણીની પાઇપલાઇન તથા "ફાટક મુક્ત ગુજરાત અભિયાન" અન્વયે રૂ.25.06 કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરાયુ હતુ.

ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં પાણીની પાઇપલાઇન, આંગણવાડી રીનોવેશન વર્ક, અમૃત સરોવર બ્યુટીફિકેશનનું કામ, ચુનીલાલ મડિયા સર્કલ વગેરે જેવા ૫ કામોનું રૂ. 621 લાખનું ખાતમુહૂર્ત તેમજ ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વોર્ડમાં ગાર્ડન, જૂના પોરબંદર રોડ પર સર્કલ બનાવવાનું કામ, વગેરે ૫ કામોનું રૂ. 268.48 લાખનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૧૮મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# GPSC GANDHINAGAR

ગુજરાત જાહેર સેવા આયોગ એટલે કે, GPSC દ્વારા વર્ગ એક અને 2ની પરીક્ષામાં સામાન્ય અભ્યાસનો એક જ અભ્યાસક્રમ અમલી રહેશે. અત્યાર સુધી GPSCની વિવિધ પરીક્ષા માટે સામાન્ય અભ્યાસના વિષયમાં વિવિધ અભ્યાસક્રમ અમલી હતો એમ GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે.

ઉમેદવારના હિતમાં કરાયેલી વ્યવસ્થા અંગે શ્રી હસમુખ પટેલે ઉમેર્યું કે....

**(બાઈટઃ હસમુખ પટેલ, અધ્યક્ષ, GPSC)**

# Khedut nondhni portal

ખેડૂત નોંધણી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે.

દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના જમીન રેકર્ડને યુનિક ખેડૂત આઈ.ડી સાથે જોડવા માટે  ગત તા. 15 ઓક્ટોબરથી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના 66 લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ખેડૂત નોંધણી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના 33 લાખથી વધુ ખેડૂતો એટલે કે, 50%થી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ છે.

. ગુજરાતે દેશમાં સૌપ્રથમ 50% ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી “સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ’ તરીકે  123.75 કરોડ રૂપિયાની પ્રોત્સાહક સહાય આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી . 82 કરોડ રૂ. ની પ્રોત્સાહક સહાય ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવશે.

ખેડૂતોની નોંધણીમાં ૭૪ ટકા કામગીરી સાથે નવસારી જિલ્લો ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે, 71% નોંધણી સાથે ડાંગ જિલ્લો બીજા ક્રમે અને 66% નોંધણી સાથે જૂનાગઢ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત સુરત અને ભરૂચ જિલ્લામાં પણ 63-63% ખેડૂત નોંધણી પૂર્ણ થઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂત નોંધણી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક 11 ડિજિટની યુનિક ખેડૂત આઈ.ડી આપવામાં આવશે,

# Uttarardh Mohostav

વિશ્વ પ્રસિદ્ધ મોઢેરા સૂર્યમંદિર ખાતે નૃત્ય પર્વ ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ થયો છે. શિલ્પ, સ્થાપત્ય સંસ્કૃતિ અને કળાને જીવંત રાખવા દર વર્ષે મહેસાણાના મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાય છે.

મહોત્સવમાં પ્રથમ દિવસે દિલ્હીના સુશ્રી વાણી માધવ દ્વારા ઓડિસી નૃત્ય, તામિલનાડુના કૃપા રવિ દ્વારા ભરત નાટ્યમ્ અને વડોદરાના ઐશ્વર્યા વારિઅર દ્વારા મોહિનીઅટ્ટમ તેમજ અમદાવાદના બિનલ વાળા દ્વારા કથક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. ઘૂંઘરના નાદથી નયનરમ્ય નઝારો સર્જાયો હતો.

આ પ્રસંગે અગ્ર સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, મોઢેરાના સૂર્યમંદિરમાં ભારતીય જીવનશૈલીનું અને શિલ્પનું દર્શન થાય છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર એમ. નાગરાજને આ પ્રમાણે જણાવ્યું.....

**(બાઈટ – એમ. નાગરાજન, જિલ્લા કલેક્ટર)**

# DIU SCIENCE EXIBITATION

દીવની સરકારી મિડલ શાળા અંગ્રેજી માધ્યમ પટેલ વાડી ખાતે સોશ્યલ સાઈન્સ એક્ઝિબિશનનું આયોજન કરાયું હતું. જેમાં વિધાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રદર્શનમાં ભૂગોળ, ઈતિહાસ વગેરે વિષય અંતર્ગત વિધાર્થીઓ દ્વારા અનેક પ્રોજેક્ટો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ નિહાળવા તેમના વાલીઓ ને પણ આમંત્રિત કરાયા હતા, બાળકો ના આ વિવિધ પ્રોજેક્ટો નિહાળી ને વાલીઓ તથા શિક્ષક ગણ એ પણ પ્રસંશા કરી હતી, આ પ્રદર્શન માં ધોરણ છ થી આઠ ના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો. પ્રદર્શન અંગે પ્રતિભાવ આપતા એક મુલાકાતી એ આ મુજબ જણાવ્યું.

## (બાઈટ – અમૃત સોલંકી, મુલાકાતી)

# SENIOR NATION TABLE TENIS

સુરતમાં આજથી સિનિયર નેશનલ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનો પ્રારંભ થશે. આજથી શરૂ થતી આ સ્પર્ધા 26 જાન્યુઆરી સુધી ચાલશે. આ સ્પર્ધામાં રાજ્યના હર્મિત દેસાઈ, માનવ ઠક્કર, માનુશી શાહ સહિત દેશના ટોચના ખેલાડીઓ ભાગ લેશે.

આ ટૂર્નામેન્ટમાં પુરૂષ અને મહિલા સિંગલ્સ, ડબલ્સ, મિક્ષ ડબલ્સ તથા ટીમ ચેમ્પિયનશિપ જેવી સ્પર્ધાઓ યોજાશે.

# Khel maha kumbh

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યમાં ખેલ મહાકુંભ ૩.0 અંતર્ગત જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. સુરેન્દ્રનગરના  લખતર વણા રોડ ઉપર આવેલ ઉમાધામ ખાતે જિલ્લાકક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી. મામલતદાર આર.આર.પટેલના અધ્યક્ષ સ્થાને ૧૭,વર્ષથી ઓછી વયના  ઓપન વિભાગ અને ૪૦ વર્ષથી ઉપર એમ ત્રણ વિભાગમા  મળી કુલ ૧૯ ટીમોની આશરે ૨૧૦ જેટલી મહિલાઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.જેમા ૧૭ વર્ષથી ઓછી વયના  વિભાગમાં પ્રથમ નંબરે લખતર એ.વી.ઓઝા વિધાલય તથા દ્વિતીય નંબરે સાયલાની ટીમ તથા ઓપન વિભાગમા પ્રથમ ધ્રાંગધ્રા તથા દ્વિતીય લખતર તથા ૪૦ થી ઉપરમાં પ્રથમ પુષ્પાબેન ટીમ તથા દ્વિતીય માયાબેન ટીમ વિજેતા થઇ  હતી.